weather-1

# સંઘ પ્રદેશ દમણ અને દીવ,
# સહાયક મત્સ્યોધ્યોગ અધીક્ષક કાર્યાલય,દીવ

સં. એએસએફડી/13/મત્સ્ય /2018-19/ ૧૪૪૦ તારીખ :- 27/02/2019

## સાર્વજનિક સૂચના

આથી દીવ જીલ્લા ના દરેક માછીમારો તથા બોટ માલિકોને જાણકારી આપવામાં આવે છે કે પુલવામાં થયેલ આંતકવાદી હુમલાની ઘટના બાબતે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિ જોતાં દીવ અને દમણ તેમજ ગુજરાત રાજ્યના તમામ દરિયાઇ તત્વતી વિસ્તારમાં દરિયાઇ સુરક્ષા એજેન્સીઓ દ્વારા સઘન પેટ્રોલીંગ કરવામાં આવેલ હોય તેના સંદર્ભે દીવ જિલ્લાની દરેક ફિશિંગ બોટ માલિકો તેમજ માછીમારોને નિમ્નલિખિત જરૂરી જાણકારી અને સૂચના આપવામાં આવે છે :-

1. દરિયામાં ફિશિંગ દરમ્યાન કોઇ સંદિગ્ધ ફિશિંગ બોટ કે માછીમાર દ્વારા શંકાશીલ કે ગેરકાનૂની પ્રવૃતિ કરતાં જોવા મળે તો તરત જ દરિયાઇ સુરક્ષા એજેન્સીઓ, મરીન પોલિસ, મત્સ્યોધ્યોગ વિભાગ ને તરતજ જાણ કરવી.

2. તમામ ફિશિંગ બોટ ના ટંડેલો તેમજ માછીમારોને જણાવવાનું કે ફિશિંગ દરમ્યાન દરેક બોટોએ સમૂહમાં (Group) ફિશિંગ કરવી જેથી કોઇપણ પ્રકારની શંકાસ્પદ કે ગેરકાનૂની પ્રવૃતિ જોવા મળે તો નજીક રહેલ બોટોની મદદ લઇ શકાય તેમજ તે પ્રકારની પ્રવૃતિ અટકાવી શકાય.

3. ફિશિંગમાં જતાં સમયે દરેક ફિશિંગ બોટોએ અસલ ડોકયુમેંટ તેમજ ખલાસીના ઓળખપત્રો સાથે લઇ જવાના રહેશે તેમજ દરેક ફિશિંગ બોટમાં દમણ અને દીવ નો કલર કોડ હોવો જરૂરી છે અને પોતાની ફિશિંગ બોટના રજિસ્ટ્રેશન નંબર પ્રિન્ટ કરેલા અને બધાને દેખાવા જરૂરી છે. સાથે-સાથે ફિશિંગ બોટમાં સુરક્ષાના સાધનો જેવા કે લાઇફ જેકેટ, GPS, DATS વગેરે હોવા જરૂરી છે.

4. કોઇપણ ફિશિંગ બોટ કે માછીમારોએ IMBL નજીકના વિસ્તારમાં કે નો ફિશિંગ ઝોનમાં ફિશિંગ કરવા જવું નહીં. હાલમાં દરિયાઇ સુરક્ષા એજેન્સીઓ અને નેવી દ્વારા સઘન પેટ્રોલીંગ ચાલુ હોય તેથી તેમની નજીક માછીમારી કરવી નહીં અને દરિયાઇ સુરક્ષા એજેન્સીઓ ને સહયોગ આપવો.

ઉપરોક્ત તણાવભરી સ્થિતિ ના સંદર્ભે **તારીખ 28/02/2019 ના સવારના 10.00 વાગ્યે વણાકબારા પંચાયત ના સભાખંડમાં મીટિંગ રાખવામા આવેલ છે** તેથી આ મીટિંગમાં વધુમાં વધુ બોટ માલિકો અને માછીમારો સાથે ઉપસ્થિત રહેવા માટે જાણ કરવામાં આવે છે.

(સુકુર આંજાણી)
સહાયક મત્સ્યોધ્યોગ અધીક્ષક, દીવ
ઈમેલ- fish-diu-dd@nic.in
Tel No. 02875-252859

સેવામાં,
1. સરપંચ, ગ્રામ પંચાયત, વણાકબારા, સાઉદવાડી } વ્યવસ્થા તેમજ જાણકારી તથા
2 .પ્રમુખશ્રી, દીવ જીલ્લા ની દરેક મત્સ્ય કો.ઓ.સોસાયટી, } વધુમાં વધુ પ્રચાર-
3 . પ્રમુખશ્રી, માછીમાર એસોશિયેસન, વણાકબારા,ઘોઘલા,દીવ } પ્રસાર માટે

પ્રતિલિપિ પ્રેષિત:-
1. માનનીય કલેકટર સાહેબ, કલેકટર કચેરી, દીવ } ........... જાણકારી માટે
2. પોલિસ અધિક્ષક, પોલિસ વિભાગ,દીવ }
3. પોર્ટ અધિકારી, દીવ }
4. રીલાયન્સ ફાઉન્ડેશન(શ્રી અમીતભાઇ પરમાર) તેમના (વિનામૂલ્યે) માછીમારોને પ્રચાર- પ્રસાર માટે